# ગુજરાતમાં રોજના ૫૦ હજાર કોરોનાના કેસની શક્યતા

## ગાંધીનગરમાં રોજના છસ્સો કેસ નોંધાવવાનું અનુમાન : રાજ્ય સરકારના સિનિયર ડોક્ટરો પણ આગામી ૧૫ જાન્યુઆરી પછી અમદાવાદમાં ૬ હજારથી વધુ કેસ આવવાનો અંદાજ માંડી રહ્યાં છે

ગાંધીનગર,તા.૮

એકલા ગુજરાત રાજ્યમાં દરરોજ ૫૦ હજાર કેસ નોંધાશે. આવુ ંજીઝ અને ંજીં નામની સંસ્થાના સર્વેમાં ડરાવનારું તારણ સામે આવ્યું છે. અમદાવાદમાં દરરોજ કોરોનાના ૨૧ હજાર કેસ નોંધાઈ શકે છે. સાયન્ટિફિક મેથેડોલોજીથી આ સંસ્થા દ્વારા મોટા શહેરોમાં દૈનિક કેસનો અંદાજ કાઢવામા આવ્યો છે. ૧ માર્ચ સુધીમાં કોરોનાના કેસ બે આંકમાં આવી જવાની શક્યતા છે. દેશમાં વધી રહેલા કોરોના અને ઓમિક્રોનના કેસો અંગે કરેલા અભ્યાસમાં તારણ કાઢવામાં આવ્યું છે કે, કેસ વધવાની હાલની ગતિ જોતાં ૨૫ જાન્યુઆરી બાદ ગુજરાતમાં દરરોજ ૫૦ હજારથી વધુ અને અમદાવાદમાં ૨૧ હજારથી વધુ કેસ આવી શકે છે. જોકે રાજ્યમાં ટેસ્ટિંગ કેટલા થાય છે તેના ઉપર આ આંકડો નિર્ભર છે. ંજીઝ અને ંજીંના રિસર્ચરોએ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ સંલગ્ન ઈન્સ્ટિટ્યૂટને પણ આ રિપોર્ટ આપ્યો છે. હવે રાજ્ય આરોગ્ય વિભાગ જુદા જુદા રિસર્ચ મોડલ આધારે ફેર સંશોધન કરી રિપોર્ટ સરકાર સમક્ષ રજૂ કરશે. રાજ્ય સરકારના સિનિયર ડૉક્ટરો પણ આગામી ૧૫ જાન્યુઆરી પછી અમદાવાદમાં ૬ હજારથી વધુ કેસ આવવાનો અંદાજ માંડી રહ્યાં છે. સિનિયર ડૉક્ટરોનું કહેવું છે કે, ગુજરાતમાં કોરોના કેસ વધવાની શરૂઆત થઈ ચૂકી છે. ૨૫થી ૩૦ જાન્યુઆરી દરમિયાન કોરોનાનો પીક જોવા મળશે. એ સમયે મહત્તમ કેસો નોંધાશે અને ત્યારબાદ ધીમે ધીમે કેસોની સંખ્યા ઘટતી જશે. પહેલી માર્ચ સુધીમાં કોરોનાના કેસ બે અંકમાં આવી જશે. આ વચ્ચે ગુજરાતમાં આખરે જેની રાહ જોવાતી હતી તેની જાહેરાત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. કેમ કે ગુજરાતમાં ૬ જાન્યુઆરીએ ૪૨૧૩ કેસ અને ૭ જાન્યુઆરીએ ૫૩૯૬ કેસ નોંધાતા નિયંત્રણો લગાવવામાં આવશે તેવી આશા સેવાઈ રહી હતી. ત્યારે રાજ્ય સરકારે ગઈકાલે નવી કોરોના ગાઈડલાઈનની જાહેરાત કરતાં રાજ્યના ૧૦ શહેરોમાં રાતના ૧૦થી સવારના ૬ સુધી રાત્રિ કર્ફ્યૂ જાહેર કર્યો છે. તો ૩૧મી જાન્યુઆરી સુધી ધોરણ ૧થી ૯ની શાળામાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું છે. ત્રીજી લહેર એટલી ઘાતક છે કે, તબીબો પણ સાવચેતી રાખવા કહી રહ્યાં છે. રસી લીધી હોય તો પણ સાવધાની રાખવાની જરૂર છે. છસ્છના પૂર્વ પ્રમુખ મોના દેસાઈએ આ ઘાતક લહેર વિશે કહ્યું કે, બેદરકારીના કારણે ત્રીજી લહેરની શરૂઆત થઈ છે. આવામાં રાત્રિ કર્ફ્યૂનો સરકારનો નિર્ણય યોગ્ય છે. રાત્રિ કર્ફ્યૂથી કોરોનાના કેસમાં ઘટાડો થાય છે. લગ્ન પ્રસંગમાં માસ્ક ફરજિયાત પહેરવું પડશે. જાન હે તો જહાન હે ધો. ૧થી ૯ના ઓફલાઈન વર્ગો બંધ કરવાનો નિર્ણય યોગ્ય છે. ત્રીજી લહેરમાં બાળકોને ઘરે જ રાખો. બાળકોને ભીડભાડવાળી જગ્યાએ ના લઈને જાઓ.

# રાજ્યમાં કોરોનાના વધુ ૫૬૭૭ કેસ

## ૧૩૫૯ દર્દી રિકવર થયા, એક પણ મોત નહી : અત્યાર સુધીમાં કુલ ૮,૨૨,૯૦૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે : સાજા થવાનો દર ૯૬.૧૪ ટકા

ગુજરાતમાં કોરોનાનો આંકડો દિવસેને દિવસે બેકાબુ થઈ રહ્યો છે. રાજ્યમાં ૫૬૭૭ કેસ નોંધાયા છે.

અત્યાર સુધીમાં કુલ ૧૩૫૯ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કુલ ૮,૨૨,૯૦૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે સાજા થવાનો દર પણ ઘટીને ૯૬.૧૪ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં કુલ ૩,૦૭,૦૧૩ વ્યક્તિઓને રસીના ડોઝ આપવામાં આવી ચુક્યાં છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૨૯૦૧ નાગરિકો એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૫ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૨૨૮૭૬ નાગરિકો સ્ટેબલ છે. ૮૨૨૯૦૦ નાગરિકો અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૧૨૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઇન વર્કર પૈકી ૧૧ ને રસીનો પ્રથમ ૨૬૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૧૧૬૫૭ નાગરિકોને રસીનો પ્રથમ જ્યારે ૩૦૩૭૨ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૮૪૬૪૪ નાગરિકોને રસીનો પ્રથમ ૮૪૪૮૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૫-૧૮ વર્ષના તરૂણો પૈકી આજે ૯૨૫૮૧ ને રસીનો પ્રથમ ડોઝ અપાયો હતો. આ પ્રકારે આજના દિવસમાં કુલ ૩,૦૭,૦૧૩ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૩૦,૨૫,૩૫૦ રસીના ડોઝ અપાઇ ચુક્યાં છે.

**સરસ્વતી વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓનું વેકસીનેશન સંપન્ન**

વર્તમાન પરિસ્થિતિમાં કોવિડની મહામારીમાં સુરક્ષિત રહેવાના આશયથી સેકટર-૬માં સરસ્વતી વિદ્યાલયમાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને રસી આપવામાં આવી હતી. શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા તેમજ શિક્ષણ વિભાગના અધિકારી સ્વાતિબા રાઓલ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપીને રસીકરણનો લાભ મેળવ્યો હતો.

# પ્રો-કબડ્ડીમાં હરિયાણા સ્ટીલર્સ ટીમના ફિઝિયોથેરાપિસ્ટ ગાંધીનગરના

ગાંધીનગર, તા. ૮

કોરોના મહામારીના કારણે બે વર્ષના અંતરાય બાદ ફરી આ વર્ષે પ્રો-કબડ્ડી રમાઈ રહી છે. જેમાં આ વખતે તમામ-૧૨ ટીમો સહિત સહયોગી સ્ટાફ અને આયોજકો વગેરે બાયોબબલમાં છે. પ્રો-કબડ્ડીની આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરના સ્પોર્ટસ ફિઝિયોથેરાપિસ્ટ કેતુલ પરમાર હરિયાણા સ્ટીલર્સ ટીમના ફિઝિયોથેરાપિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યાં છે. પ્રો-કબડ્ડી અત્યારે બાળકોથી માંડીને તમામ વયના રમત રસિકોમાં ફેવરિટ બની ચુકી છે.

ભારતીય રમત કબડ્ડીના પ્રોફેશ્નલ વર્ઝન પ્રો-કબડ્ડીની સીઝન-૮ ગત તા. ૨૨મી ડિસેમ્બરથી બેંગ્લોર ખાતે રમાઈ રહી છે. આ ટૂર્નામેન્ટમાં

ગાંધીનગરના કેતુલ પરમાર જેઓ હરિયાણા સ્ટીલર્સ ટીમના ફિઝિયોથેરાપિસ્ટ તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે લોકડાઉનના ૨ વર્ષના ગાળા પછી ખેલાડીઓ મેટ પર આવ્યાં છે જેમને મહામારીની પરિસ્થિતિમાં તાલીમના અભાવે ઈજાયુક્ત અને ફિટ રાખવા મુશ્કેલ છે જે માટે અમે ખૂબ મહેનત કરી રહ્યાં છીએ. ટૂર્નામેન્ટમાં કુલ ૧૨ ટીમો છે અને સમગ્ર ટૂર્નામેન્ટ બાયોસિક્યોર બાયોબબલમાં આયોજિત કરાઈ છે જેથી કોઈ ખેલાડી કે અધિકારીને બહાર જવાની મંજૂરી નથી તેમજ તમામના નિયમિત આરટીપીસીઆર ટેસ્ટ કરાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેતુલ પરમાર ગાંધીનગરની ઝેવિયર્સ યુનાઈટેડ ફૂટબોલ ક્લબ માટે પણ ફિઝિયોથેરાપિસ્ટની સેવાઓ આપી ચૂક્યાં છે.

**ઈસનપુર મોટા હોસ્પિટલમાં થાઈરોડની એક કિલોની ગાંઠ શસ્ત્રક્રિયાથી કાઢવામાં સફળતા**

ગાંધીનગર જિલ્લાના ઈસનપુરમોટા ખાતે આવેલી શ્રી મફતલાલ બાપુદાસ પટેલ સાર્વજનિક હોસ્પિટલમાં ડો.અલ્પેશ પટેલ (ENT Surgeon), ડો. હેતલ ચૌધરી (Genaral Surgeon), ડો.વૈભવ પટેલ (એનેસ્થેટીક), રંજનબેન વાઘેલા (staff nurse)ના સહિયારા પ્રયાસથી આયુષમાન યોજના અંતર્ગત મેમદપુરાના ૬૫ વર્ષિય શ્રીમતિ પ્રેમિલાબેન રમેશભાઈ પ્રજાપતિ તા.પ્રાંતિજનું થાયરોઈડનું ઓપરેશન બે કલાકની જહેમત બાદ સફળ રીતે કરવામાં આવ્યું. જેમા થાઈરોઈડની ૧ કીલોની 6”x6” ઈંચની ગાંઠ કાઢવામાં આવી હતી. સંસ્થાના ડો. અલ્પેશ પટેલ તથા સહાયક ડો. હેતલ ચૌધરી તથા ટીમનો સંસ્થાના મંત્રી રમેશભાઈ બી. પટેલ તથા ટ્રસ્ટી વિનાયકભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો છે.

# જિલ્લામાં વિતેલા વર્ષમાં ૧૦૮ સેવા સંજીવની સાબિત થઈ

બાયડ, તા. ૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સરકારની ઈમરજન્સી-૧૦૮ સેવા વિતેલા વર્ષ દરમ્યાન સાચા અર્થમાં સંજીવની સાબિત થઈ છે. ૧ વર્ષમાં પોઈઝનિંગ, હાર્ટએટેક અને સ્ટ્રોકના ૧૭૯૭ લોકોએ મદદ માગતાં તમામ અસરગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી જીંદગી બચાવ્યાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં ૨૫ ઈમરજન્સી-૧૦૮ એબ્યુલન્સની ત્વરીત કામગીરીના કારણે અસરગ્રસ્તો નવા વર્ષનો આરંભ જોવા માટે ખુશનસીબ સાબિત થયા છે.

રાજ્ય સરકાર દ્વારા ઈમરજન્સી-૧૦૮ સેવા શરુ કરવામાં આવતાં માર્ગ અકસ્માત સહિત અન્ય ગંભીર દુર્ઘટનાઓ ઉપરાંત શારીરિક મુશ્કેલીમાં અસરગ્રસ્તોને મોટી રાહત થઈ છે. સાબરકાંઠા જિલ્લામાં ૧૩ અને અરવલ્લી જિલ્લામાં ૧૨ ઈમરજન્સી-૧૦૮ ૨૪ કલાક તૈનાત રહેતી હોય છે. વિતેલા ૨૦૦૧ના વર્ષમાં ઈમરજન્સી સેવા સાચા અર્થમાં અસરગ્રસ્તો માટે વરદાન બની. એક વર્ષમાં પોઈઝનિંગના ૮ ૬૦, હાર્ટએટેકના ૮૧૧ અને સ્ટ્રોકના ૧૨૬ અસરગ્રસ્તોએ મુશ્કેલી સમયે ૧૦૮ની સેવા માટે કોલ કરતાં એબ્યુલન્સના ઈ.એન.ટી. અને પાયલોટે ત્વરીત ઝડપે બનાવ સ્થળે પહોંચી ભોગ બનનારને નજીકની હોસ્પિટલમાં ખસેડતાં ૧૭૯૭ લોકોની જીંદગી બચી છે.

# હજારોનું ટોળું ભેગું કરી અલ્પેશ ઠકોર ક્રિકેટ રમ્યા

## દિગ્ગજ નેતાની આ હરકતથી અનેક સવાલો ઉભા થાય છે કે, શું અલ્પેશ ઠાકોરને કોરોનાનો નથી લાગતો ડર ?

મહેસાણા,તા.૮

કોરોનાના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે, આવામાં ગુજરાતના મોટા કાર્યક્રમોના આયોજન પર રોક લગાવી દેવામા આવી છે. આવામા ભાજપના જ દિગ્ગજ નેતાઓ જ સરકારે બનાવેલા નિયમોનુ ઉલ્લંઘન કરીને કાર્યક્રમો યોજી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં સોશિયલ ડિસ્ટન્સનાં ધજાગરા ઉડ્યા છે. ભાજપના નેતા અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો નાઈટ ક્રિકેટના આયોજનમાં એકઠા થયા હતા. ત્યારે આ કાર્યક્રમનો વીડિયો સામે આવ્યો છે, જેમાં જનમેદની ઉમટેલી દેખાઈ રહી છે. ખેરાલુ તાલુકાના મંદ્રોપુર ખાતે નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. ભાજપના નેતા અલ્પેશ ઠાકોરની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ કાર્યક્રમમાં મોટાભાગના લોકો માસ્ક વગર જોવા મળ્યા હતા. એક તરફ ગુજરાતના સીએમ ભુપેન્દ્ર પટેલે સરકારી કાર્યક્રમો પર રોક લગાવી છે, તેમજ પોતાના કાર્યક્રમો પણ રદ કર્યા છે, તો પછી અલ્પેશ ઠાકોરની હાજરીમાં આટલો મોટો કાર્યક્રમ કેવી રીતે યોજાઈ ગયો. નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોરોનાની તમામ ગાઈડલાઈનનો ભંગ જોવા મળી રહ્યો હતો. અલ્પેશ ઠાકોરની હાજરીમાં જ હજારોની મેદની એકઠી થઈ હતી. આ વિશે ભાજપના પ્રવક્તા યજ્ઞેશ દવે પોતાના પક્ષના નેતાનો બચાવ કરતા જોવા મળ્યા હતા. ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, અલ્પેશ તેના આયોજનમાં ન હતા. તેઓ કેમ ગયા તેની તપાસ કરીશું. ચૂક થયેલી છે તે દેખાઈ આવે છે. પરિસ્થિતિ ખરાબ છે, સેકન્ડ વેવ કરતા થર્ડ વેવમાં હોસ્પિટલાઈઝેશનનું પ્રમાણ ઓછું છે અને ઓક્સિજનની પણ અછત નથી. સંક્રમણ બહુ નથી. દિગ્ગજ નેતાની આ હરકતથી અનેક સવાલો ઉભા થાય છે કે, શું અલ્પેશ ઠાકોરને કોરોનાનો નથી લાગતો ડર? જો ગુજરાતના ઝ્રસ કાર્યક્રમ રદ કરી શકે છે, તો અલ્પેશ ઠાકોર કેમ નહિ. કેમ ભાજપના નેતાઓ સરકારના જ નિયમોને ઘોળીને પી જાય છે. કાયદો જો બધા માટે સમાન છે તો પછી નેતાઓને કેમ લાગુ પડતો નથી.

### ૫૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલા કેસોમાં ૧૫ મહિલા દર્દીઓ છે. મહિલા, યુવા અને નાના બાળકો સંક્રમિત થવાની વાતે તંત્રની ચિંતા વધારી છે. યુવા દર્દીઓ વધુ સંક્રમિત થઈ રહ્યા છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ અને શહેરના સેક્ટરોમાં ૨૪ કેસ તેમજ આઈઆઈટીમાં ૩ કેસ નોંધાયા છે.

આઈઆઈટી ગાંધીનગરમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસ સાથે આઈઆઈટીમાં કેસોની સંખ્યા ડબલ ડીજીટ પર પહોંચી છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સરગાસણમાં આજે ૧૪ કેસ, કુડાસણમાં ૪, પેથાપુરમાં ૩, વાવોલ, બોરીજ, પોરમાં એક-એક કેસ નોંધાયો છે. શહેરમાં અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ સે. ૨ માં આ વખતે પણ વધુ કેસો મળી રહ્યા છે. સે. ૨ માંથી આજે પાંચ કેસ મળ્યા છે. સે. ૩ માંથી ૩, સે. ૮ માંથી ૨, સે. ૪ માંથી ૨, સે. ૯માંથી ૨, સે. ૨૪માંથી ૨, સે. ૧૯માંથી ૨ ઉપરાંત સે. ૧૪, ૨૭, ૧૨, ૧, ૭, ૨૬માંથી પણ કેસ મળી આવેલ છે. સે. ૨ માં એક દર્દી ઓસ્ટ્રેલિયાથી પરત આવેલ છે તો સે. ૯ માં બન્ને દર્દી ઝિમ્બાબ્વેથી પરત આવેલ છે. વિદેશથી આવેલા આ દર્દીઓને લઈ તંત્રની ચિંતા વધી છે. આઈઆઈટીના ત્રણેય દર્દી મુંબઈથી આવ્યા છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો જે મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં રિકવરી રેટ સારો નોંધાયો છે. આજે વધુ ૧૧ દર્દીઓ કોરોનામુક્ત થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. છેલ્લા એક સપ્તાહમાં ૨૯ દર્દીઓ સાજા થયા છે.

શહેરમાં આજે ૨૫૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૪૫૦૦થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. શહેરમાં ૧૫૨થી વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે.

શહેરમાં હોમ આઈસોલેશન, માઈક્રોકન્ટેનમેન્ટ તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી કડકાઈથી થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી છે. શહેરમાં ટેસ્ટીંગના પ્રમાણમાં પણ વધારો કરવામાં આવ્યો છે. શહેરમાં કોરોનાના કેસોની ગતિ આજે થોડીક ધીમી પડતાં તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે. સર્વેલન્સ અને કોન્ટેક્ટ ટ્રેસીંગની કામગીરી સઘન બનાવવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

### વધુ ૩૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને કલોલમાં કોરોનાના કેસો ઝડપથી વધી રહ્યા હોવાથી અહિ ટેસ્ટીંગ અને ટ્રેસીંગ વધારવા પર ભાર મુકવામાં આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૯ મહિલા, ૪ વિદ્યાર્થી, ૩ વેપારી તેમજ ખાનગી નોકરીયાતાનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યારે એક દર્દીને ફેસેલીટી આઈસોલેશનમાં રાખવામાં આવેલ છે. દહેગામ તાલુકામાં દહેગામ અર્બન વિસ્તારમાંથી ૨૫ વર્ષીય ખાનગી નોકરી કરતી યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૧૧ કેસ નોંધાયા છે. સી.આર.પી.એફ. કેમ્પ લેકાવાડામાંથી આજે એક કેસ મળેલ છે. જે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના છાલા ગામે એક જ દિવસમાં ૪ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે. ૩૯ વર્ષીય કર્મયોગી, ૨૪ વર્ષીય ગૃહીણી, ૨૫ વર્ષીય વિદ્યાર્થી તેમજ ૪૦ વર્ષીય ખાનગી નોકરીયાતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વિકાર્યો છે.

આલમપુર બી.એસ.એફ. કેમ્પસમાં પણ એક કેસ નોંધાયો છે. જે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કોરોના માટે હોટસ્પોટ બની ચુકેલા અડાલજમાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે ખાનગી નોકરીયાત, એક વેપારી અને એક ગૃહીણીનો સમાવેશ થાય છે. દંતાલી નજીક આવેલ અદાણી શાંતિગ્રામમાંથી પણ એક કેસ મળી આવેલ છે. કલોલ તાલુકામાં આજે વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. જાસપુર નજીક અદાણી શાંતિગ્રામમાંથી છ કેસ આજે મળી આવેલ છે. આ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. સેમી અર્બન એરિયા તરીકે ઓળખાતા બોરીસણામાં આજે એક ૧૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આ ઉપરાંત ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ખાત્રજમાં એક ૩૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને ફેસેલીટી આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. મોટી ભોંયણ ગામેથી પણ એક કેસ મળેલ છે. સાત કેસ કલોલ અર્બન એરિયામાંથી મળી આવ્યા છે. જેમાં પાંચ કેસ અર્બન-૨ વિસ્તારમાંથી અને બે કેસ અર્બન-૧ એરિયામાંથી મળેલ છે. માણસામાં સમૌ ગામેથી એક ૩૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસો સાથે ૧૬૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે હાલ સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૩૪૦૦થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. છેલ્લા બે દિવસથી જિલ્લામાં કોરોનાના કેસો સ્થિર થયા હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોએ કહ્યું છે.

### ઈલેક્ટ્રીક બસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર આસપાસના વિસ્તારને જોડતી બસ સેવાનુ આયોજન પણ યોગ્ય રીતે ન થતુ હોવાનો રોષ પ્રબળ બની રહ્યો છે. શહેર આસપાસના ગામોમાં સલામત સવારી નસીબ ન થતા રોજબરોજના અપડાઉનકર્તાઓ તેમજ વિદ્યાર્થીઓને પણ હાલાકી વેઠવી પડે છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કડી કલોલ સહીતના રૂટમાં પણ ટ્રાફિકની સામે પુરતી બસો રૂટમાં દોડતી ન હોવાનો આક્રોશ પણ મુસાફરોમાં પ્રબળ બન્યો છે. ડેપો સંકુલમાં ડ્રાઈવરની ઘટનો પ્રશ્ન પણ હલ થઈ ગયો છે. ત્યારે આ મુજબના રૂટમાં માંગણીને ધ્યાનમાં રાખી ટ્રાફિક મુજબ બસ દોડાવવા માટે આયોજન કરવામાં આવે તે માટે ડેપો મેનેજરને પણ વારંવાર રજુઆતો કરવામાં આવી છે.

### દુ:ખદ નિધન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કૈલાસ માનસરોવરના યાત્રીઓને માર્ગદર્શન પૂરું પાડવા સહિતની સેવાઓ આપતાં હતાં. તેમણે વર્ષ ૨૦૦૬માં તેમના ધર્મપત્નિ દિવ્યાબેન સાથે કૈલાસ માનસરોવર પરિક્રમા કરી હતી. તેમણે યુવાનો માટે ઈન્ટરવ્યુ અંગે માર્ગદર્શન ઉપરાંત હાસ્ય ક્ષેત્રે પણ પુસ્તકો લખ્યાં હતાં. તેઓ શહેરના વિકાસકાર્યો ઉપયોગી સૂચનો કરવા સાથે પોતાના રહેઠાણની આસપાસ અનેક વૃક્ષોનું વાવેતર કરીને તેનું નિયમિત જળ સિંચન કરીને ઉછેર કરવાની પ્રવૃત્તિ તેમની પ્રિય પ્રવૃત્તિ હતી. સ્વ.એચ.બી.વરિયા તેમની પાછળ પત્ની દિવ્યાબેન પુત્ર દુર્ગેશ પુત્રવધૂ કાજલ અને પૌત્ર ઓમકારને કલ્પાંત કરતા મૂકી ગયા છે.

### ચેતવણી આપી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મોલો રોગની શક્યતાઓ વધી છે. આ તમામ રોગ આગામી ત્રણ દિવસમાં દેખા દેવાની વાત કૃષિ વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે. છેલ્લા ઘણા સમયથી ઋતુ ચક્ર જાણે કે ફરી ગયું હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે અને કમોસમી વરસાદ ગમે ત્યારે થાય, ઉનાળામાં અતિશય તડકો પડે તેવું આપણે જોઈ રહ્યાં છે. ત્યારે હાલ રવિ પાક લેવા માટે ખેડૂતોએ વાવેતર કરી દીધું છે, ત્યારે રાજ્યના હવામાન વિભાગ દ્વારા તા ૫ થી ૭ સુધીમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે મુજબ મોરબી જિલ્લાના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ચોમાસા જેવુ વાતાવરણ થઈ ગયું હતું. આટલું જ નહીં પરંતુ જિલ્લાના પાંચેય તાલુકામાં કમોસમી વરસાદના છાંટા પડ્યા હતા. જેથી મોરબી જિલ્લામાં રવિ પાક લેવા માટે જે ખેડૂત દ્વારા તેના ખેતરોમાં જુદાજુદા પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે તેમાં મોટાપાયે નુકશાન થયું છે. ખેડૂતોના કહેવા પ્રમાણે, ખાસ કરીને આ કમોસમી વરસાદના છાંટાને લીધે ચણાના પાકમાં જે ખારસ આવી હોય તે જતી રહી છે અને મોલ પણ ખરી ગયો છે. જેથી કરીને પાકમાં નુકસાન થશે. તેવી જ રીતે જીરૂ અને લસણમાં વધુ પડતી ઠંડી અને કમોસમી વરસાદના છાંટાના લીધે નુકસાન થશે. આવામાં પાકનું ઉત્પાદન પણ ઘટશે તેવું હાલમાં ખેડૂતો કહી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, મોરબી જિલ્લામાં જે રવિ પાકનું વાવેતર કરવામાં આવે છે તેમાં આ વર્ષે પણ રાબેતા મુજબ ઘઉં પછી સૌથી વધુ ચણા અને જીરૂનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમાં આ કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાના લીધે આ નુકસાનીનો આંકડો વધી જશે તેવું ખેડૂતો કહી રહ્યા છે.

### ત્રીજી લહેરમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી હતી કે ત્રીજી લહેરમાં આર્થિક વૃદ્ધિ ધીમી પડશે. તેની સાથે જ મોંઘવારી પણ વધશે, જેના કારણે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને એપ્રિલથી રેપો રેટ વધારવો પડી શકે છે. આ રીતે કંપનીએ ભારત માટે મોટા જોખમોની આશંકા દર્શાવી છે. શુક્રવારે ભારતમાં કોરોના વાયરસના ૧,૪૧,૯૮૬ નવા કેસ નોંધાયા હતા. શનિવારે સવારે જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા અનુસાર કોવિડના કુલ કેસોની સંખ્યા ૩,૫૩,૬૮,૩૭૨ પર પહોંચી ગઈ છે. તેમાં ૨૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઓમિક્રોન વેરિઅન્ટના ૩,૦૭૧ કેસ સામેલ છે.

નોમુરાએ કહ્યું કે ભારત, ફિલિપાઈન્સ અને ઈન્ડોનેશિયા જેવા દેશોમાં કુલ વસ્તીના માત્ર ૪૫% લોકોને સંપૂર્ણ રસી આપવામાં આવી છે. આવી સ્થિતિમાં, જો ઓમિક્રોન વેરિઅન્ટથી ચેપના કેસ આટલા વધારે છે,

ગાંધીનગર સમાચારના વાચકો, શુભેચ્છકો અને સમગ્ર ધાનેરાના નગરજનોને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ...

શ્રી શંકરભાઈ સવાભાઈ પટેલ
ઉપપ્રમુખશ્રી
નગરપાલિકા ધાનેરા